## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



**સરકારી દારૂબંધી હળવી કરવાની વાત કરીને... આપણી પીવાની મજા બગાડી નાખી...!!**

# રાજ્યભરમાં આવતીકાલથી વેક્સિનેશન માટે ખાસ અભિયાન યોજાશે : મનોજ અગ્રવાલ

**રાજ્યભરમાં તા.૭મી જાન્યુઆરીએ ખાસ મહા અભિયાન : એક પણ બાળક રહી ન જાય તે માટે સંનિષ્ઠ પ્રયાસો કરાશે : ૬૦ વર્ષથી વધુ વયના વયસ્કો, ફ્રન્ટ લાઇન કોરાના વર્કર, હેલ્થ વર્કરને તા.૧૦મી જાન્યુઆરીએ પ્રોત્સાહક ડોઝ અપાશે**

ગાંધીનગર, તા. ૧

આરોગ્ય વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી મનોજ અગ્રવાલે જણાવ્યુ છે કે, કોવિડ-૧૯થી રાજ્યના બાળકોને સુરક્ષિત કરવા માટે રાજ્યભરમાં આગામી તા.૩જી જાન્યુઆરીથી ૯મી જાન્યુઆરી દરમિયાન વેક્સિનેશન માટે ખાસ અભિયાન હાથ ધરાશે. તા.૭મી જાન્યુઆરીએ મહા અભિયાન હેઠળ એક પણ બાળક રહી ન જાય તે માટે સંનિષ્ઠ પ્રયાસો કરાશે. આજે રાજ્યના મ્યુનિસિપલ કમિશનરો, જિલ્લા કલેક્ટરો સાથે આ અભિયાનની તૈયારીની ચર્ચા વિચારણા માટે વીડિયો કોન્ફરન્સ દ્વારા સમીક્ષા કરવામાં આવી હતી અને તમામ માર્ગદર્શન પુરુ પડાયુ હતું.

અગ્રવાલે આ અંગે મીડિયાને વિગતો આપતા કહ્યુ કે, મુખ્યમંત્રીભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ વેક્સિનેશન અભિયાનની સંપૂર્ણ તૈયારી કરીને તમામ વ્યવસ્થાઓ કરી દેવાઈ છે. આ અભિયાન હેઠળ ૧૫ થી ૧૮ વર્ષના અંદાજે ૩૬ લાખ બાળકોને આવરી લેવાનું આયોજન છે. જેમાં શાળાઓ, આઈટીઆઈ કે શાળાએ ન જતા બાળકોને પણ આવરી લેવાશે. ઉપરાંત દિવ્યાંગ સંસ્થાઓ, અનાથાશ્રમો તથા માનસિક રીતે અસ્વસ્થ હોય તેવા બાળકોને સાચવતી સંસ્થાઓને પણ આવરી લેવાશે. તેમણે ઉમેર્યું કે આ બાળકોને હાલ કોવેક્સિનની રસીનો પ્રથમ ડોઝ અપાશે. આ માટે રાજ્યમાં પૂરતા પ્રમાણમાં રસીનો જથ્થો ઉપલબ્ધ છે. રાજ્યમાં અંદાજે ૩૫૦૦થી વધુ સેન્ટરો કાર્યરત કરાશે અને સ્થાનિકકક્ષાએ જરૂરિયાત મુજબ સેશન વધારાશે તેમજ સેશનનો સમય હાલ જે સવારે ૯.૦૦ કલાકથી ૬.૦૦ કલાક છે તે પણ વધારવાનું આયોજન કરાયું છે.

આ માટે તારીખ ૧લી જાન્યુઆરીથી રજિસ્ટ્રેશન શરૂ થઈ ગયુ છે. તેમજ ઓન ધ સાઈટ પર પણ રજિસ્ટ્રેશન કરી શકાશે. રજીસ્ટ્રેશન સમયે આધારકાર્ડ, વાહનનું લાઈસન્સ હોય તો તેનાથી રજીસ્ટ્રેશન થશે. આવા કોઈ પુરાવા ન હોય તો પણ બાળક રસીથી વંચિત ન રહે એ માટે કોઈ એક મોબાઈલ નંબર આપવાનો રહેશે. જેમાં માતા-પિતા, મિત્ર કે શાળાના શિક્ષક-આચાર્યનો મોબાઈલ નંબરથી પણ રજિસ્ટ્રેશન કરીને રસી આપવામાં આવશે. તેમણે ઉમેર્યું કે આ અભિયાન હેઠળ તારીખ ૭મી જાન્યુઆરીએ રાજ્યભરમાં ખાસ મહા અભિયાન હાથ ધરાશે. જેમાં તમામ બાળકો અને ધોરણ-૧૦માં અભ્યાસ કરતા બાળકોના રસીકરણ માટે ખાસ ધ્યાન કેન્દ્રિત કરાશે જેથી બોર્ડની પરીક્ષાના સમયે કોઈપણ પ્રકારની તકલીફ પડે નહીં.

અગ્રવાલે ઉમેર્યુ કે ૬૦ વર્ષથી વધુ વયના કોમોર્બિડ વયસ્કો, ફ્રન્ટ લાઈન વર્કર, હેલ્થ વર્કરને પણ આગામી તા. ૧૦મી જાન્યુઆરીથી પ્રોત્સાહક ડોઝ આપવા માટે પણ સંપૂર્ણ તૈયારીઓ કરી દેવાઈ છે. જેમાં અંદાજે ૧૩ થી ૧૪ લાખ વયસ્કોનો ડેટા આરોગ્ય વિભાગ પાસે તૈયાર છે. તેમજ બીજા ડોઝ બાદ ૩૯ અઠવાડિયા પૂર્ણ થશે તેમ તેમ તમામને આ પ્રોત્સાહક ડોઝ આપવાનું આયોજન કરી દેવાયું છે તેમ તેમણે ઉમેર્યું હતું.

## ઓમિક્રોનથી પીડીત બન્ને ટાન્ઝાનિયાની યુવતીઓ સાજી થતાં રજા અપાઈ

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર શહેરમાં અભ્યાસ માટે ટાનઝાનિયાથી આવેલ બે યુવતીઓ જે ઓમિક્રોનથી સંક્રમિત હતી તે સંપૂર્ણ સ્વસ્થ થતાં આજે હૉસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે. ગાંધીનગરમાં ઓમિક્રોનના ૩ દર્દી નોંધાયા હતા અને ત્રણે દર્દીઓ ઓમિક્રોનથી મુક્ત થયા છે. શહેરમાં કોરોનાના કેસો વધી રહ્યા છે. તંત્ર પણ હવે પરિસ્થિતિને ગંભીરતાથી લઈ આરોગ્ય સેવાઓના સઘનીકરણ માટે આગળ વધી રહ્યું છે.

## ખૂણેખાંચરેથી

- વાવોલ ખાતે આજે મનપા દ્વારા યોજાયેલ સેવા સેતુમાં ૨૨૬૧ લાભાર્થીએ સેવા લીધી હતી.
- રાજય સરકારના ૧૬ ઓફિસ આસિ.ને નાયબ સેકશન અધિકારી તરીકે બઢતી આપતા હુકમો જારી કર્યા છે.
- પંચાયત વિભાગે આજે આંતર વિભાગીય ક્રિકેટ ટુર્નામેન્ટમાં આદિજાતિ વિકાસ વિભાગ ટીમને ૧૧ રને પરાજય આપ્યો છે.
- જૈન તીર્થ ગિયોડ ખાતે દહેગામ તાલુકા ભાજપના કાર્યકરોનો પ્રશિક્ષણવર્ગ યોજાયો હતો. જેમાં હિતેન્દ્ર પટેલ સહિતના આગેવાનોએ વિવિધ વિષયો પર જાણકારી આપી હતી.
- ગ્રામ પંચાયતોના નવા ચૂંટાયેલા સરપંચો અને સભ્યોની ઓનલાઈન તાલિમ શરૂ થઈ છે જે ૮મી સુધી ચાલશે.
- જિલ્લા પંચાયતના ભાજપના સભ્ય અનિલ પટેલે આજે જન્મદનની ઉજવણી અનોખી રીતે કરી હતી. તેમણે પંચાયતના તમામ હોદ્દેદારો, અધિકારીઓ અને કર્મયોગીઓને જિલ્લા પંચાયતમાં સાંજે જમાડયા હતા.
- ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા કેટલીક નોંધપાત્ર ગુજરાતી ટૂંકી વાર્તાઓની આગવી રજુઆત કરતો 'દાસ્તાન ગોઈ' કાર્યક્રમ આઈઆઈટીઈ સે-૧૫ખાતે યોજાયો હતો.
- ગાંધીનગર શહેરમાં ઠંડીની અસરો આજે જનજીવન પર જોવા મળતી હતી. ટ્રાફિકનું ભારણ પણ ઓછું જણાયું હતું.
- વાયબ્રન્ટ સમીટના આયોજનને આખરી ઓપ આપવામાં તંત્ર વ્યસ્ત બનતાં આખો દિવસ બેઠકોનો દોર ચાલ્યો હતો.
- ગાંધીનગર જિલ્લા પાંચાયતામાં આઉટસાર્સિંગથી મેનપાવર સપ્લાય કરતી એજન્સી એમ.જે. એન્ટરપ્રાઈઝે આજે ૧લી જાન્યુઆરીએ જ પગાર કર્મચારીઓનો કરી દેતાં કર્મયોગીઓમાં ખુશીનો માહોલ છવાયો છે.

# સ્કૂલોમાં ફરી ઓનલાઈન શિક્ષણ શરૂ કરવાની વિચારણા

**કોરોનાના કેસ વધતાં સ્કૂલોમાં હાજરી ઘટી : સ્કૂલમાં વિદ્યાર્થીઓની હાજરીમાં ઘટાડો જોવા મળ્યો છે, શુક્રવારે શિક્ષણ માટે માત્ર ૨૦% વિદ્યાર્થીઓ હાજર રહ્યા**

ગાંધીનગર,તા.૧

થોડા મહિના પહેલા કોવિડ-૧૯ના કેસમાં તીવ્ર ઘટાડો થતાં રાજ્યભરના સ્કૂલોના દરવાજા વિદ્યાર્થીઓ માટે ખોલવામાં આવ્યા હતા. જો કે, અમદાવાદ સહિત ગુજરાતમાં ફરીથી કોરોનાના કેસમાં જબરદસ્ત ઉછાળો આવ્યો છે. છેલ્લા કેટલાક દિવસથી સ્કૂલે જતાં બાળકોમાં પણ કોવિડ-૧૯ના કેસ જોવા મળી રહ્યા છે, જે એક મોટો પડકાર છે. આ બધાની વચ્ચે શહેરની કેટલીક સેલ્ફ-ફાયનાન્સ સ્કૂલો ફરીથી શિક્ષણ માટે સંપૂર્ણ રીતે ઓનલાઈન મોડના વિકલ્પ પર વિચાર કરી રહી છે. જ્યાં સુધી પરિસ્થિતિ સામાન્ય ન થાય ત્યાં સુધી તેઓ ક્લાસરૂમ બંધ કરવા માગે છે. ઉદગમ સ્કૂલ ફોર ચિલ્ડ્રન અને ઝેબર સ્કૂલ ફોર ચિલ્ડ્રને શુક્રવારથી જ પ્રાથમિક વિદ્યાર્થીઓ માટે ઓનલાઈન શિક્ષણ શરૂ કરી દીધું છે. 'શહેરોમાં કેસોની વધતી સંખ્યાના કારણે અમે આ નિર્ણય લીધો છે', તેમ ઉદગમ સ્કૂલ અને ઝેબર સ્કૂલના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર મનન ચોકસીએ જણાવ્યું હતું. તેમણે ઉમેર્યું હતું કે, 'સ્કૂલમાં વિદ્યાર્થીઓની હાજરીમાં ઘટાડો જોવા મળ્યો છે. શુક્રવારે ઓફલાઈન શિક્ષણ માટે માત્ર ૨૦ ટકા જ વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. સીએન વિદ્યાલયે સોમવારથી ઓનલાઈન શિક્ષણ શરૂ કરવાનું નક્કી કર્યું છે. દિવાળી વેકેશન બાદ સ્કૂલે થોડા સમય માટે ઓનલાઈન શિક્ષણ બંધ કરી દીધું હતું કારણ કે મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ સ્કૂલે આવવા લાગ્યા હતા.

'શુક્રવારે હાજરીમાં ૪૦ ટકાનો ઘટાડો નોંધાયો હતો. તેથી અમે સોમવારથી ઓનલાઈન શિક્ષણ શરૂ કરવાનું નક્કી કર્યું છે', તેમ સીએન વિદ્યાલયના પ્રિન્સિપાલ હિતેન્દ્ર ત્રિવેદીએ જણાવ્યું હતું. પ્રકાશ હાઈ સ્કૂલના પ્રિન્સિપાલ મૃગેણ શાહે જણાવ્યું હતું કે, સરકારે આ વર્ષે જુલાઈથી મંજૂરી આપ્યા બાદ સ્કૂલમાં ઓફલાઈન શિક્ષણ શરૂ કરાયું નહોતું. 'જ્યાં સુધી સ્થિતિ સંપૂર્ણપણે નિયંત્રણમાં ન આવે ત્યાં સુધી અમે ઓનલાઈન ક્લાસ યથાવત્ રાખીશું', તેમ તેમણે કહ્યું હતું. કોવિડ-૧૯ના કારણે લાંબા સમય સુધી બંધ રહ્યા બાદ, જુલાઈથી નવા શૈક્ષણિક વર્ષ માટે સ્કૂલો ફરીથી તબક્કાવાર રીતે ખોલવામાં આવી હતી. આમાની મોટાભાગની સ્કૂલો ઓનલાઈન શિક્ષણ તરફ વળી હતી જે હજી પણ યથાવત્ છે કારણ કે સરકારે માત્ર મર્યાદિત ક્ષમતા સાથે ફરીથી ખોલવાની મંજૂરી આપી હતી. શહેરની વધુ બે સેલ્ફ-ફાયનાન્સ સ્કૂલના બે વિદ્યાર્થીઓનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. શુક્રવારે, થલતેજમાં આવેલી ઉદગમ સ્કૂલ અને પાલડીમાં આવેલી શ્રી દામુભાઈ શુક્લા હાઈ સ્કૂલે જિલ્લા શિક્ષણ અધિકારીને તેમના એક-એક વિદ્યાર્થીનો કોરોના વાયરસ રિપોર્ટ પોઝિટિવ આવ્યો હોવાની જાણ કરી હતી.



**મહાદેવભાઈ દેસાઈના જન્મદિવસની ઉજવણી પુસ્તક પ્રદર્શન દ્વારા કરાઈ**

ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદ સંચાલિત મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ સાદરાના મધ્યસ્થ ગ્રંથાલયમાં સ્વતંત્રતા સેનાની, પ્રખર રાષ્ટ્રવાદી તેમજ ચરિત્ર લેખક, ડાયરી લેખક, અનુવાદક તેમજ મહાત્મા ગાંધીના અંગત મદદનીશ તરીકે વધુ જાણીતા એવા શ્રી મહાદેવભાઈ દેસાઈની ૧૩૦મી જન્મ જયંતિ નિમિત્તે સ્મૃતિ પ્રદર્શન યોજવામાં આવ્યું. આ પ્રદર્શનમાં મહાદેવભાઈ દેસાઈ દ્વારા લખેલા પુસ્તકો જેવા કે., મહાદેવભાઈની ડાયરી (૨૩ ખંડમાં) આ ઉપરાંત અન્ય લેખકો દ્વારા તેમના પર લખાયેલાં પુસ્તકો જેવા કે., અગ્નિકુંડમાં ઊગેલું ગુલાબ, મહાદેવભાઈની ડાયરી એક અધ્યયન અને મહાત્માનો આત્મા વગેરે જેવા ૩૦ ગ્રંથોનું પ્રદર્શન કરવામાં આવ્યું. જેનો લાભ સંકુલના સૌ વિદ્યાર્થી અને સેવકમિત્રોએ લીધો હતો. આ સ્મૃતિ પ્રદર્શનનું આયોજન સંકુલના સંયોજક શ્રી રમેશભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ મધ્યસ્થ ગ્રંથાલયના સેવકો જગદીશભાઈ પરીખ, દિશા દવે, મેહુલ રાવળ તથા જતિન સોલંકી દ્વારા કરવામાં આવ્યું હતું.

# આગામી ૧૦મી જાન્યુઆરીએ રાજ્યની ૯૭ સબ રજિસ્ટ્રાર કચેરીઓ બંધ રહેશે

ગાંધીનગર, તા. ૧

મહેસૂલ વિભાગ અંતર્ગત કાર્યરત રાજ્યની ૯૭ સબ રજિસ્ટ્રાર કચેરીઓ આગામી તા.૧૦મી જાન્યુઆરીએ બંધ રહેશે. જેથી આ સબ રજિસ્ટ્રાર કચેરીઓમાં કરવામાં આવતી દસ્તાવેજ અંગેની રજિસ્ટ્રેશનની કામગીરી સંપૂર્ણ બંધ રહેશે. જેની નોંધ લેવા દસ્તાવેજની કામગીરી સાથે સંકળાયેલા વકીલશ્રીઓ, બોન્ડ રાઈટરશ્રીઓ (દસ્તાવેજ લેખક) અને રાજયની જાહેર જનતાને નોંધ લેવા નોંધણી સર નિરિક્ષક, ગાંધીનગરની યાદીમાં જણાવાયું છે. વધુમાં જણાવ્યાનુસાર નોંધણી પ્રભાગમાં જિલ્લાની વિવિધ સબ રજિસ્ટ્રાર કચેરીઓમાં ફરજ બજાવતા સીધી ભરતીથી નિમણૂક પામેલ સબ રજિસ્ટ્રાર વર્ગ-૩ તથા કારકુન વર્ગ-૩ સંવર્ગના કર્મચારીઓ માટે આગામી તા.૮, ૯, ૧૦ જાન્યુઆરી ૨૦૨૨ દરમિયાન સબ રજિસ્ટ્રારની ખાતાકીય પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું છે.

ગુજરાત ગૌણ સેવા દ્વારા યોજાનાર ખાતાકીય પરીક્ષામાં નિયમિત સબ રજિસ્ટ્રાર તથા ઈન્ચાર્જ સબ રજિસ્ટ્રાર સહિત અંદાજે કુલ ૩૭૩ જેટલા કર્મચારીઓ ઉપસ્થિત રહેવાના હોવાથી રાજ્યભરની ૯૭ જેટલી કચેરીઓ સંપૂર્ણ બંધ રહેશે. ગાંધીનગર જિલ્લામાં માણસા સબ રજિસ્ટ્રાર કચેરી સંપૂર્ણ બંધ રહેશે જયારે ગાંધીનગર સબ રજિસ્ટ્રાર ખાતે કુલ ૪ પૈકી બે ટોકન સ્લોટ બંધ રહેશે. સબ રજિસ્ટ્રાર કચેરી મહેસાણામાં બે પૈકી એક ટોકન સ્લોટ અને સબ રજિસ્ટ્રાર કચેરી કડી ખાતે એક ટોકન સ્લોટ બંધ રહેશે. વલસાડ જિલ્લાના વાપી સબ રજિસ્ટ્રાર કચેરીમાં બે પૈકી એક ટોકન સ્લોટ બંધ રહેશે.





**વાવોલ ખાતે સેવાસેતુ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં લાભાર્થીઓ ઉમટ્યાં**

ગાંધીનગર મ્યુન્સિપલ કોર્પોરેશનને લગતી ૪૦થી વધુ સુવિધાઓ એક જ જગ્યાએ સરળતાથી મળી રહે તે હેતુથી "સેવા સેતુ"કાર્યક્રમનું આયોજન વાવોલના તળાવ કાંઠે સ્થિત શ્રી મહાકાળી માતાના મંદિરના સાનિધ્યમાં કરવામાં આવ્યું હતું. સેવા સેતુ કાર્યક્રમમાં શહેરના મેયર હિતેષભાઈ મકવાણા, ડેપ્યુટી મેયર પ્રેમલસિંહ ગોલ, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન જસવંતભાઈ પટેલ, સ્થાનિક કોર્પોરેટરો તથા કાર્યકર્તાઓ અને ગ્રામજનોએ હાજરી આપી હતી. કાર્યક્રમનું સંચાલન વિનોદભાઈ ઉદેચા દ્વારા કરવામાં આવ્યું હતું. વાવોલના સેવાસેતુ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં લાભાર્થીઓ ઉમટ્યાં હતા અને રસીકરણથી લઈને આધાર કાર્ડ, મા અમૃતમ કાર્ડ તેમજ હોમિયોપેથીક દવાઓ સહિતની સેવાઓનો લાભ લીધો હતો.



**શહેરમાં પરમ ધર્મસંસદ ૧૦૦૮નું સંમેલન યોજાયુ**

ગાંધીનગરના સેક્ટર ૧૬ ખાતે આવેલ બ્રહ્મભવનમાં આજે પરમ ધર્મસંસદ ૧૦૦૮નું સંમેલન યોજવામાં આવ્યું હતું. ગાંધીનગર જીલ્લાના ધર્મ સંસદ કન્હૈયાલા પંડ્યા દ્વારા આ ધર્મસંસદનું સંચાલન કરવામાં આવ્યું હતું. આ સંમેલનમાં ગાંધીનગર અને તેની આસપાસમાં આવેલ જીલ્લાઓના ધર્માચાર્યોએ હાજરી આપેલ હતી અને સનાતન સંસ્કૃતી વિશે ધર્મસંસદમાં વિસ્તૃતમાં ચર્ચા કરવામાં આવેલ હતી. આ સંમેલનમાં પધારેલા મહાનુભાવોએ સેક્ટર-૫ ખાતે ગાંધીનગરના ધર્મસંસદ કન્હૈયાલાલ પંડ્યાની વ્યાસ પીઠે ચાલી રહેલી ભાગવત કથામાં ભાગ લીધો હતો અને ગાંધીનગર અને તેની આજુ બાજુમાં આવેલ જિલ્લાઓના તુલાકાઓમાં ધર્મ સંસદોની ઉપસ્થિત મહાનુભાવો દ્વારા નિમણૂંકો આપવામાં આવી હતી.

# આપ નેતા ઈસુદાન ગઢવીનો લિકર રિપોર્ટ પોઝિટિવ આવ્યો

**ઇસુદાન પર કમલમ્ ખાતે દારૂ પીને મહિલાની છેડતી કર્યાની ફરિયાદ અંતર્ગત કરાયેલો લિકર ટેસ્ટ પોઝિટિવ આવતાં ચકચાર : બે દિવસ પહેલાં જામીન પર છુટેલાં ઇસુદાનની મુશ્કેલી વધી**

ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા લેવાયેલ હેડ ક્લાર્કની પરીક્ષાના પેપરલીક કૌભાંડ મુદ્દે ભાજપના પ્રદેશ કાર્યાલય કમલમ ખાતે વિરોધપ્રદર્શન કરવા પહોંચેલા આમ આદમી પાર્ટીના નેતાઓ તથા કાર્યકરોની ધરપકડની ઘટના સાથે ભાજપના મહિલા હોદ્દેદાર દ્વારા ઈસુદાન ગઢવી પર દારૂ પીને છેડતીનો આક્ષેપ કરવામાં આવ્યો હતો. આરોપને અનુલક્ષીને ઈસુદાન ગઢવીનો ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે મેડિકલ ટેસ્ટ કરવામાં આવ્યો હતો જેનો આજે રિપોર્ટ પોઝિટિવ આવતાં ગાંધીનગરના ઈન્ફોસિટી પોલીસ સ્ટેશન ખાતે ગુનો નોંધવામાં આવ્યો છે.

ગત તા.૧૨મી ડિસેમ્બરે યોજાયેલી હેડ ક્લાર્કની પરીક્ષાનું પેપર ત્રણ દિવસ પહેલાં જ લીક થઈ જવાની ઘટના સાથે આમ આદમી પાર્ટીના યુવા નેતા અને વિદ્યાર્થી અગ્રણી યુવરાજસિંહ જાડેજાએ ગૌણ સેવા પરિષદના અધ્યક્ષ અસીત વોરાને તેમના પદેથી હટાવવા અલ્ટિમેટમ આપ્યું હતું જેની મુદત પુરી થયે આપ પાર્ટી દ્વારા ગાંધીનગરમાં વિરોધ પ્રદર્શન યોજવાનું આયોજન કરાયું હતું જેથી પોલીસે સમગ્ર પાટનગરમાં ચાંપતો પોલીસ બંદોબસ્ત ગોઠવી દીધો હતો. જોકે આપના નેતાઓ દ્વારા પોલીસ તથા સરકારની ગણતરીઓ ઉંધી પાડતી વ્યુહરચના અપનાવીને આપના પ્રદેશ પ્રમુખ ગોપાલ ઈટાલિયા સહિત ઈસુદાન ગઢવી, પ્રવિણ રામ, શિવકુમાર, નિખિલ સવાણી, હસમુખ પટેલ વગેરે જેવા નેતાઓ અને મોટી સંખ્યામાં કાર્યકરો સાથે કોબા ખાતે આશરે ૫૦૦ના ટોળા સાથે ભાજપના પ્રદેશ કાર્યાલય કમલમ્ ખાતે હલ્લાબોલ કર્યુ હતું જેના પગલે ભાજપ અને આપના કાર્યકરો વચ્ચે ઘર્ષણ થવા પામ્યું હતું અને તે સાથે થયેલી પોલીસ કાર્યવાહીમાં આપના કેટલાંક નેતાઓ અને કાર્યકરો ઘવાયાં હતાં અને આશરે ૭૦ જેટલાં દેખાવકારોની ધરપકડ કરવામાં આવી હતી. આ સાથે ભાજપના મહિલા હોદ્દેદાર શ્રદ્ધા રાજપૂત દ્વારા ઈસુદાન ગઢવી સહિતના નેતાઓ અને કાર્યકરો પર છેડતીનો આરોપ મુકતી ફરિયાદ નોંધાવવામાં આવી હતી જેને અનુલક્ષીને ઈસુદાન ગઢવીને મેડિકલ ટેસ્ટ માટે ગાંધીનગર સિવિલ લઈ જવામાં આવ્યા હતા.

જોકે ઈસુદાને નશો કર્યો છે કે કેમ તે અંગેનો પ્રાથમિક રિપોર્ટ નેગેટીવ આવ્યો હતો જ્યારે આજે તેમનો લિકર ટેસ્ટ પોઝિટિવ આવ્યો છે. ઈસુદાન ગઢવીનો લિકર ટેસ્ટ પોઝિટિવ આવતાં ઈન્ફોસિટી પોલીસ સ્ટેશનમાં પીઆઈ પી.પી.વાઘેલાની ફરિયાદના આધારે ઈસુદાન પર આઈપીસી ૬૬(૧)બી, ૮૫(૧) અંતર્ગત ગુનો દાખલ થયો છે. હજુ બે દિવસ પહેલાં જ ઈસુદાન સહિત આપના નેતાઓ-કાર્યકરો શરતી જામીન પર છૂટ્યા છે અને હવે ઈસુદાનનો લિકર રિપોર્ટ પોઝિટિવ આવતા ચકચાર મચી જવા પામી છે.

### મેં જીંદગીમાં ક્યારેય દારૂ નથી પીધો : ઈસુદાન

બીજીતરફ ઈસુદાને મીડિયાને જણાવ્યું કે, ભાજપ નિમ્નકક્ષાની રાજનીતી કરે છે. મેં મારી જિંદગીમાં ક્યારેય દારૂ નથી પીધો, ઈશ્વરના સોગંધ ખાઉ છું કે મેં ક્યારે દારૂ પીધો નથી અને પીવાનો પણ નથી. મને ગોળી મારશો તો પણ જનતા માટે મરી જવા તૈયાર છું. આપના નેતા મહેશ સવાણીએ ઈસુદાનના લિકર રિપોર્ટ પર સવાલ ઉઠાવતાં કહ્યું હતું કે "ઈસુદાન ગઢવીનો પ્રાથમિક રિપોર્ટ નેગેટિવ આવ્યો તો બીજો રિપોર્ટ પોઝિટિવ કેવી રીતે આવ્યો અને રિપોર્ટ ઘટનાના ૧૨ દિવસ પછી કેમ આવ્યો? ઘટનાના સીસીટીવી ફૂટેજ હજી કેમ બહાર આવ્યા નથી?

# મુકબધીર પરિણીતા પાસેથી પતિ દહેજ પેટે ૫૦ લાખ માંગતો

અમદાવાદ,તા.૧

શહેરના સોલા સાયન્સ સિટી ખાતે રહેતી મુકબધીર પરિણીતાએ ઈટાલી ખાતે રહેતા પોતાના મુકબધીર પતિ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. મહિલા પશ્ચિમ પોલીસ સ્ટેશનમાં મહિલાએ ફરિયાદ કરી કે, તેના મૂકબધિર પતિએ લગ્ન બાદ ઈટલી લઈ જવાનું કહીને નહિ લઈ જતા બંને વચ્ચે તકરારો શરૂ થઈ હતી. મુકબધીર પરિણીતા પાસેથી તેનો પતિ દહેજ પેટે રૂપિયા ૫૦ લાખ માંગતો હતો. જેના બાદ પતિએ પત્ની પાસેથી છૂટાછેડા માંગ્યા હતા. બન્યુ એમ હતું કે, અમદાવાદના સાયન્સ સિટી રોડ પર રહેતા એક પરિવારમા ૩૦ વર્ષીય મૂકબધિર યુવતી તેના માતાપિતા સાથે રહે છે. આ યુવતીને સોશિયલ મીડિયા પર એક યુવક સાથે પ્રેમ થયો હતો. મૂકબધિર યુવતી ફેસબુક પર એક મૂકબધિર યુવકના સંપર્કમાં આવી હતી. બંને વચ્ચેની મિત્રતા પ્રેમમાં પરિણમી હતી. જેથી બંનેએ માતાપિતાની સહમતીથી ગત ૩૧ માર્ચના રોજ લગ્ન કર્યા હતા. મૂળ ભારતીય આ યુવક ઈટલીમાં રહેતો હતો. લગ્નના ચાર દિવસ તે યુવતીના ઘરે પોતાના સાસરીમાં રહ્યો હતો. પરું બાદમાં તેણે યુવતી સાથે ઝઘડો કરવાનુ શરૂ કર્યુ હતું. તેણે ઝઘડામાં દહેજની માંગણી શરૂ કરી હતી. જેના બાદ તે ઘરમાંથી નીકળી ગયો હતો.

**નર્મદા જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ**

**જાહેર નિવિદા નં.૨ સને-૨૦૨૨**

નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી ગુહાઈ નહેર પેટા વિભાગ નં. ૧, ખેડબ્રહ્મા જી. સાબરકાંઠાની કચેરી દ્વારા રસ ધરાવતા ઈ-૨ અને ઉપરના વર્ગના રજીસ્ટ્રેશન ધરાવતા ઈજારદારો પાસેથી ખેડવા યોજના અંતર્ગત અંદાજી રકમ રૂ. ૨.૬૦ લાખના એક કામ માટે માત્ર રજીસ્ટર્ડ પોસ્ટ એ.ડી. / સ્પીડ પોસ્ટથી ભાવો મંગાવવામાં આવે છે. કોરા ભાવપત્રકો આપવાની છેલ્લી તારીખ ૧૦/૧/૨૦૨૨ તથા ભાવો ભરેલ ભાવપત્રક પરત લેવાની છેલ્લી તારીખ ૧૫/૧/૨૦૨૨ રાખવામાં આવેલ છે. કામની વધુ વિગતો કચેરીમાં તથા વેબસાઈટ www.statetenders.gujarat.gov.in પર જોઈ શકાશે.

નામાનિ/હિંમત/૪૮૮/૨૦૨૨

**ગુજરાત જળ સંપતિ વિકાસ નિગમ લિ.**

**સેક્ટર-૧૦/એ, ગાંધીનગર-૩૮૨૦૧૦**

**નોટીસ નંબર -૧૬/૨૦૨૧-૨૨**

કા.ઈ.(સી) યુનીટ-૨ (સુજલામ-સુફલામ), ૨જો માળ, સ્ટેટ વૉટર ડેટા સેન્ટર, માર્ગ નં.-૨, જળ શક્તિ માર્ગ, સેક્ટર નં. ૮, ગાંધીનગર દ્વારા પાઈપ લાઈન નેટવર્કના જુદા જુદા કામો માટેના ઓનલાઈન ટેન્ડરમાં ભાગ લેવા રસ ધરાવતી એજન્સીઓએ વિગતવાર ટેન્ડર / નોટીસ www.gwrdc.nprocure.com વેબસાઈટ ઉપરથી વિનામૂલ્યે ડાઉનલોડ કરી શકશે.

**કામોની અંદાજીત કિંમતરૂ. ૧૪.૪૪ લાખથી ૭૭.૮૦ લાખ સુધીના**

- **ટેન્ડર બીડ અપલોડ શરૂ કરવાની તા. ૩૧/૧૨/૨૦૨૧**
- **ટેન્ડર બીડ ડાઉનલોડ કરવાની છેલ્લી તા. ૧૫/૧/૨૦૨૨, ૧૮ કલાક સુધી**
- **ટેન્ડર ફી, ઈએમડી (એફડીઆર / ડીડી), તથા અન્ય ડોક્યુમેન્ટ રજી.પો.એ.ડી./ સ્પીડ પોસ્ટ મારફતે પહોંચાડવાની તારીખ અને સમય : તા. ૧૫/૧/૨૦૨૨ થી તા. ૨૧/૧/૨૦૨૨, ૧૮.૦૦ કલાક સુધી.**
- **ટેકનીકલ બીડ ખોલવાની તારીખ અને સમય : તા. ૨૫/૧/૨૦૨૨, ૧૫.૦૦ કલાકે**
- **પ્રાઈઝ બીડ ખોલવાની તારીખ અને સમય : તા. ૨૫/૧/૨૦૨૨, ૧૬.૦૦ કલાકે**

વધુ વિગતો નિગમ / સરકારશ્રીની વેબસાઈટ www.gwrdc.gujarat.gov.in અથવા www.statetenders.guj.gov.in મારફતે જોઈ શકાશે. ફક્ત ઓનલાઈન ટેન્ડર સ્વીકારવામાં આવશે.

**માહિતી/૧૮૬૦/૨૧-૨૨**